તાપમાન
મહત્તમ : ૩૮.૫ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૪૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૦૪ | ૨૪ જૂન, ૨૦૧૬, શુક્રવાર ; જેઠ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## આસામમાં ભારે પુરની સ્થિતિ

નવીદિલ્હી, તા. ૨૩

આસામમાં ભારે વરસાદના કારણે ફરીવાર પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. પુરના બીજા મોજાના પરિણામ સ્વરુપે આસામમાં લોકોની હાલત કફોડી બની ગઈ છે. ૧૪મી જૂનના દિવસે ઉત્તર પૂર્વીય રાજ્યના દક્ષિણ પશ્ચિમ મોનસુનની એન્ટ્રી થઈ હતી ત્યારબાદથી આસામમાં અતિભારે વરસાદ થઈ રહ્યો છે જેના પરિણામ સ્વરુપે પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે.

બુધવાર સુધીમાં ૯૦૦૦૦થી પણ વધુ લોકોને અસર થઈ હતી અને આ લોકોને સુરક્ષિતરીતે અન્યત્ર ખસેડવામાં આવ્યા હતા. આસામ સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટીનું કહેવું છે કે, અસરગ્રસ્ત જિલ્લાઓમાં લખીમપુર, ધેમાજી અને કારબીએન્ગલોંગનો સમાવેશ થાય છે. આ જગ્યાઓએ ૨૯ ગામો પાણીમાં ડુબી ગયા છે.

# જિંગપિંગ સાથે મોદીની મહત્વપૂર્ણ વાતચીત

**એનએસજીમાં મેમ્બરશીપ માટે ટેકાની મોદી દ્વારા માંગણી : ભારતના દાવાને લઇને વાજબી અને પારદર્શક મુલ્યાંકન કરવા જિંગપિંગને મોદીએ અપીલ કરી હોવાના અહેવાલ : પાકિસ્તાન દ્વારા પણ દલીલો કરાઈ**



નવી દિલ્હી,તા. ૨૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ચીનના પ્રમુખ શી જિંગપિંગને મળ્યા હતા. ન્યુક્લિયર સપ્લાયર્સ ગ્રુપમાં મેમ્બરશીપ માટે ભારતની દાવેદારીને મજબૂતરીતે મોદી રજૂ કરી રહ્યા છે. ચીની પ્રમુખ જિંગપિંગ સાથેની વાતચીતમાં મોદીએ ચીનના સમર્થનની માંગ કરી હોવાના અહેવાલ મળ્યા છે. મોદીએ જિંગપિંગને ભારતની દાવેદારીને યોગ્ય અને વાજબીરીતે જોવા અને યોગ્ય મૂલ્યાંકન કરવા માટે અપીલ કરી હોવાનું જાણવા મળ્યું છે. મોદી સમગ્ર પ્રક્રિયાને ખુબ જોરદારરીતે આગળ વધારી રહ્યા છે. સિયોલમાં મોડીરાત્રે ઓટોમિક ક્લબની મહત્વપૂર્ણ બેઠક મળનાર છે. તુર્કી, ન્યુઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા જેવા કેટલાક અન્ય દેશો પણ ભારતની દાવેદારીને લઈને હજુ વાંધો ઉઠાવી રહ્યા છે. ૪૮ દેશોના ગ્રુપમાં ભારતની દાવેદારીને લઈને વાંધો ઉઠાવવામાં આવી રહ્યો છે. ભારત દ્વારા પોતાની રીતે જોરદારરીતે રજૂઆત કરવામાં વ્યસ્ત છે. સુત્રોનું કહેવું છે કે, સુત્રોનું કહેવું છે કે, અમેરિકા ભારતની સાથે છે

● અનુસંધાન પાન-૭ પર

## ટીમ ઈન્ડિયાના કોચ તરીકે કુંબલેની પસંદગી

**કુંબલેની એક વર્ષની કોચ તરીકેની અવધિ વિન્ડિઝ સામેની ચાર ટેસ્ટ મેચોની શ્રેણીથી શરૂ થશે**



નવીદિલ્હી,તા. ૨૩

ભારતના ભૂતપૂર્વ ટેસ્ટ કેપ્ટન અને દેશના સૌથી સફળ બોલર અનિલ કુંબલેની ભારતીય ક્રિકેટ ટીમના કોચ તરીકે પસંદગી કરવામાં આવી છે. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. કુંબલેની એક વર્ષની અવધિ જુલાઈમાં શરૂ થતી વિન્ડિઝ સામેની ચાર ટેસ્ટમેચોની શ્રેણીથી શરૂ થશે. ધર્મશાળામાં આજે આ મુજબની જાહેરાત કરવામાં આવી હતી જ્યાં બીસીસીઆઈએ તેની પ્રથમ વાર્ષિક બેઠક યોજી હતી જેમાં બોર્ડ પ્રમુખ અનુરાગ ઠાકુર અને તેના સેક્રેટરી અજય શિરકેએ પત્રકાર પરિષદ યોજીને કુંબલેના નામની જાહેરાત કરી હતી. એવી અટકળો ચાલી રહી હતી કે, એપ્રિલ સુધી ટીમ ડિરેક્ટર રહી ચુકેલા રવિ શાસ્ત્રીને બેટિંગ કોચના હોદ્દા ઉપર જાળવી રાખવામાં આવશે.

# સુરક્ષા માટે એક લાખ કરોડના સંરક્ષણ સોદા કરાશે

**માનવરહિત સશસ્ત્ર વિમાનોનો પણ સોદાબાજીમાં સમાવેશ : શનિવારના દિવસે સંરક્ષણ અધિગ્રહણ કાઉન્સિલની અતિમહત્વપૂર્ણ બેઠક થશે : અનેક સંરક્ષણ ખરીદીની યોજનાઓ પર લાંબી ચર્ચા વિચારણા કરાશે**



નવી દિલ્હી,તા. ૨૩

સંરક્ષણ પ્રધાન મનોહર પારિકર દેશની સુરક્ષાને મજબુત કરવાના ઈરાદાથી હવે એક લાખ કરોડના સંરક્ષણ સોદા કરવા માટેની તૈયારી કરી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ સંરક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવનાર છે. એક લાખ કરોડની આવી સમજુતીને લઈને કેટલીક ચર્ચા ચાલી રહી છે. આ સોદાબાજીમાં માનવરહિત સશસ્ત્ર વિમાનો પણ સામેલ છે. સેના અને હવાઈ સેના માટે આને હાંસલ કરવામાં આવનાર છે. સંરક્ષણ અધિગ્રહણ કાઉન્સિલ એટલે કે ડીએસીની મહત્વપૂર્ણ બેઠક આ સંબંધમાં શનિવારે રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં યોજાનાર છે. સુત્રોએ કહ્યુ છે કે આ બેઠકમાં કેટલાક સંરક્ષણ કરાર અને અન્ય યોજના પર વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવનાર છે. સેનાના ત્રણેય હિસ્સા આ યોજનાઓને લીલીઝંડી મળે તેમ ઈચ્છે છે. આમાં કેટલીક યોજના તો મંત્રાલય સાથે મતભેદ હોવાના કારણે છેલ્લા એક વર્ષથી અટવાયેલી છે. આ બેઠકમાં સશસ્ત્ર ડ્રોન્સના મોટા

● અનુસંધાન પાન-૭ પર

# પ્રદેશ કોંગ્રેસના માળખામાં ધરખમ ફેરફારના સંકેત

**ગુરુદાસ કામતે રાજીનામું ખેંચ્યા બાદ ગુજરાતના પ્રભારી પદે આરુઢ : પક્ષમાં નવા પ્રાણ ફૂંકવા માટે પ્રયાસો કરાશે**

અમદાવાદ, તા. ૨૩

રાજય સભાની ટિકીટ નહી મળવાથી અને પક્ષમાં ઉપેક્ષા થતા કોંગ્રેસના સભ્યપદેથી રાજીનામુ આપી ચુકેલા કોંગ્રેસના અગ્રણી અને ગુજરાતના પ્રભારી ગુરુદાસ કામતે તેમનુ રાજીનામું આજે પાછુ ખેચી લીધુ હતું અને પક્ષમાં તેમને અગાઉ સોપાયેલી જવાબદારી પુનઃ કરી હતી.

ગુજરાત કોંગ્રેસના પ્રભારી તરીકે ગુરુદાસે કામત ફરી સક્રિય થતા હવે ટૂંક સમયમાંજ કોંગ્રેસના સંગઠનમાં ઘરખમ ફેરફારો આવશે અને અગામી વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પક્ષમાં થનારા વ્યાપક ફેરફારોમાં ખાસ કરી યુવા ચહેરાઓને વધુ સ્થાન આપવામાં આવશે અને રાજયમાં મોંઘવારી વિરોધી આંદોલનને વધુ જલદ બનાવવામાં આવશે તેમ કોંગ્રેસના સુત્રોએ જણાવ્યું હતું.












## અંતિમયાત્રા



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી **ભગવતભાઈ સુથાર**નું તા. ૨૩/૬/૨૦૧૬ને ગુરૂવારે નિધન થયેલ છે. સદ્ગતના પાર્થિવ દેહના **અંતિમ સંસ્કાર તા. ૨૪/૬/૨૦૧૬ને શુક્રવારે સવારે ૧૦-૩૦ કલાકે કડી** ખાતે રાખેલ છે.

**અંતિમયાત્રા**
**સવારે ૧૦-૩૦ કલાકે**
**એ-૧૯, એટલાન્ટી પાર્ક,**
**કડી-કરણનગર રોડ**
**ગાયત્રી મંદિર પાસે, કડી (ઉ.ગુ.)**

લિ.
**મહેન્દ્ર બી. ગજ્જર**
**રાજુ બી ગજ્જર**


